**Enrollment No: ______________________ Exam Seat No:______________________**

# C. U. SHAH UNIVERSITY

## Winter Examination-2020

**Subject Name: Compulsory Accountancy - I**

**Subject Code: 4CO01CAC2** **Branch: B.Com (Gujarati)**

**Semester: 1** **Date: 12/03/2021** **Time: 03:00 To 06:00** **Marks: 70**

Instructions:
(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

**a)** આડતથી માલ વેચવા મોકલેલ હોઈ ત્યારે તે માલની રકમ માલધણીના ચોપડામાં ક્યા ખાતે ઉધારય છે? 1

(a) આડતિયા ખાતે (b) આડત માલ ખાતે (c) વેચવા મોકલેલ માલ ખાતે (d) વેચાણ ખાતે

**b)** આડતમાલના હિસાબોમાં ઉદ્‌ભવતું અસામાન્ય નુકસાન ક્યા ખાતે ઉધારાય છે? 1

(a) આડતિયા ખાતે (b) આડતમાલ ખાતે (c) નફા નુકસાન ખાતે (d) માલધણી ખાતે

**c)** માલધણીએ આડતિયા પર લખેલી હૂંડી આડતિયો સ્વીકારે ત્યારે માલધણીના ચોપડામાં ક્યું ખાતું જમા થશે ? 1

(a) આડતમાલ ખાતું (b) લેણી હૂંડી ખાતું (c) આડતિયાનું ખાતું (d) દેવી હૂંડી ખાતું

**d)** પ્રીમીયમને મૂડી ખર્ચ ગણીને નોંધવામાં આવે ત્યારે ભારેલ પ્રીમીયમને ક્યાં ખાતે ઉધારાય છે? 1

(a) પોલીસી ખાતે (b) વેપાર ખાતે (c) પ્રીમીયમ ખાતે (d) નફા નુકસાન ખાતે

**e)** આસામી આડત : 1

(a) કુલ વેચાણ પર ગણાય (b) ફક્ત ઉધાર વેચાણ પર

(c) ફક્ત રોકડ વેચાણ પર (d) મોકલેલ માલ પર

**f)** રાશ ખાતું કોના જેવું છે? 1

(a) વેપાર ખાતાં જેવું (b) નફા નુકસાન ખાતાં જેવું

(c) વેપાર અને નફા નુકસાન ખાતાં જેવું (d) પાકા સરવૈયા જેવું

**g)** નીચે દર્શાવેલ ખાતાં પૈકી ક્યું ખાતું રાશના હિસાબોના ભાગ રૂપે ખોલવામાં આવતું નથી ? 1

(a) સંયુક્ત બેંક ખાતું (b) રાશ ખાતું (c) સહભાગીદારનું ખાતું (d) સ્ટોક અનામત ખાતું

**h)** સંયુક્ત જીવનવીમા પૉલીસીનું વાર્ષિક પ્રીમિયમ રૂ. 50,000 છે અને શરણમૂલ્ય શૂન્ય છે, તો માંડી વાળવાની રકમ - 1

(a) રૂ. 50,000 (b) રૂ. શૂન્ય (c) રૂ. 17,500 (d) એક પણ નહિં

**i)** સંયુક્ત જીવનવીમા પોલિસી અનામત ખાતા દ્વારા પૉલિસી શરણમૂલ્ય કિંમતે દર્શાવાય, ત્યારે ભરેલ પ્રીમિયમ ક્યા ખાતે ઉધારાય છે? 1

(a) પ્રીમિયમ ખાતે (b) નફા નુકસાન ખાતે (c) વેપાર ખાતે (d) પૉલીસી ખાતે

**j)** સંયુક્ત જીવન વીમા પોલિસીના પ્રીમિયમના હિસાબો લખવાની કેટલી રીત છે? 1

(a) 2 (b) 4 (c) 3 (d) 5

**k)** રાશના ધંધા માટે નીચેની પ્રવૃત્તિ અનુકૂળ છે**?** 1

(a) નદી પરના પુલનું બાંધકામ (b) કાપડની દુકાન

(c) દવાની દુકાન (d) સિમેંટ એજન્સી

**l)** આડતમાલના ધંધામાં રૂ. 40,000નું અસામાન્ય નુકસાન થયું**,** વીમા કંપનીએ રૂ. 20,000નો દાવો મંજૂર કર્યો**,** તો નફા નુકસાન ખાતે ઉધારવાની રકમ જણાવો**?** 1

(a) 40,000 (b) 20,000 (c) 60,000 **(d)** ઉપરમાંથી એક પણ નહિં

**m)** જ્યારે રાશના ધંધામાં સ્વતંત્ર હિસાબી ચોપડા રાખવામાં આવતાં હોય ત્યારે રાશ માટે ચૂકવાયેલ ખર્ચ.... 1

(a) સંયુક્ત બેંક ખાતે જમા થાય (b) ખર્ચ ખાતે જમા થાય

(c)ભાગીદાર ખાતે ઉધાર થાય (d) રાશ ખાતે જમા થાય.

**n)** પ્રીમીયમને મહેસૂલી ખર્ચ ગણીને નોંધવામાં આવે ત્યારે ભારેલ પ્રીમીયમને ક્યાં ખાતે ઉધારાય છે? 1

(a) પોલીસી ખાતે (b) વેપાર ખાતે (c) પ્રીમીયમ ખાતે (d) નફા નુકસાન ખાતે

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2 Attempt all questions (14)**

**(a)** તફાવત આપો: - આડતમાલ અને રાશ. **7**

**(b)** કાલ્પનિક આંકડાઓ સાથે આડતમાલનું ખાતું, અને આડતિયાનું ખાતું તૈયાર કરો. **7**

**Q-3 Attempt all questions (14)**

**(a)** સંયુક્ત જીવન વીમા પોલીસી એટલે શું? સંયુક્ત જીવન વીમા પોલીસીનાં ભરેલ પ્રીમિયમ અંગે હિસાબો રાખવાની જુદી જુદી પધ્ધતિઓ સમજાવો. **7**

**(b)** તફાવત લખો: રાશ અને ભાગીદારી **7**

**Q-4 Attempt all questions (14)**

**(a)** મુંબઈની મહાવીર એન્ડ કંપની સુરેન્દ્રનગરના રાજ બ્રધર્સને રૂ. 150 નીભરતિયા કિંમતનો એક એવા 1,000 કેલક્યુલેટર આડતથી વેચવા મોકલેલ છે. જેની પડતર કિંમત રૂ. 100 છે. મહાવીર એન્ડ કંપની નૂરના રૂ. 10,000, મજૂરીના રૂ. 1,000 અને વીમા ખર્ચના રૂ. 500 ચૂકવે છે. રસ્તામાં આગ લાગતાં 100 કેલક્યુલેટર બળી ગયા અને સંપૂર્ણ નાશ પામ્યા. આ અંગે વીમા કંપનીએ રૂ. 6,000નો દાવો મંજૂર રાખ્યો. બાકીના કેલક્યુલેટર આડતિયાએ રૂ. 13,500 જકાત ચૂકવીને છોડાવી લીધા. **14**

આડતિયાએ મહાવીર એન્ડ કંપની લખેલી રૂ. 50,000ની 3 માસની હૂંડી સ્વીકારી. થોડા દિવસ બાદ તેમણે વેચાણ આંકડો મોકલ્યો, જે મુજબ તેમણે 800 કેલક્યુલેટરનું રૂ. 250ના ભાવે વેચાણ કર્યું હતું. રૂપાલી બ્રધર્સે

ગોડાઉન ભાડું, જાહેરાત વગેરેના રૂ. 3000 ચૂકવ્યા હતા. આડતિયાને વેચાણ પર 5% આડત આપવાની છે.

**ઉપરની માહિતી પરથી માલધણીના ચોપડે આડતમાલ ખાતું અને આડતિયાનું ખાતું બનાવો.**

**Q-5 Attempt all questions (14)**

**(a)** પંડ્યા, અગ્રવાલ અને શહિદ 2:2:1 ભાગે ભાગીદારો હતા. તેઓએ તા. 1-1-2017ના રોજ રૂ. 5,00,000ની સંયુક્ત જીવનવીમા પૉલીસી લીધી છે. વાર્ષિક પ્રીમિયમ રૂ. 30,000 છે. પ્રથમ પ્રીમિયમ તા.1-1-2017ના રોજ ભર્યું છે. તા. 31-01-2020ના રોજ શહિદ મૃત્યુ પામ્યો. અને પોલીસીની રકમ વીમા કંપનીએ ચૂકવી આપી. પોલીસી શરણમૂલ્ય કિંમતે દર્શાવાય છે. **7**

શરણમૂલ્ય નીચે મુજબ છે :

તા. 31-12-2017 - રૂ. શૂન્ય    તા. 31-12-2018 – રૂ. 1,200

તા. 31-12-2019 – રૂ. 2,600

**પૉલીસી ખાતું અને પૉલીસી અનામત ખાતં તૈયાર કરો.**

**(b)** ઉપરની માહિતી Q. 5 (a)નો ઉપયોગ કરી દરેક વર્ષ માટે જરૂરી આમનોંધો લખો. **7**

**Q-6 Attempt all questions (14)**

**(a)** તા. 1લી ઓક્ટોબર, 2019ના રોજ મેબલ અને ઓસ્ટીન 2:1ના ભાગે રાશના ધંધામાં જોડાયા. તેમણે તેમના સંયુક્ત બેન્ક ખાતામાં અનુક્રમે રૂ. 2,00,000 અને રૂ, 1,00,000 જમા કરાવ્યા અને ઠરાવ્યું કે સંયુક્ત બેન્ક ખાતાનો ઉપયોગ ખરીદ અને વેચાણ માટે કરાવો. જ્યારે રાશના ખર્ચા દરેક ભાગીદારે પોતાની અંગત રોકડમાંથી ચૂકવવાના છે. મેબલને સામાન્ય વહીવટ માટે વાર્ષિક રૂ. 20,000 લેખે પગાર આપવનો છે. અને ઓસ્ટીનને તેને કરેલા વેચાણ પર 10% કમિશન આપવાનું છે. મેબલને રૂ. 2,00,000નો માલ ખરીધ્યો અને ખર્ચાના રૂ. 10,000 ચૂકવ્યા. ઓસ્ટીન કેટલોક માલ રૂ. 2,00,000માં વેચ્યો અને વેચાણ ખર્ચના રૂ. 4,000 ચૂકવ્યા. રૂ. 68,000ની કિંમતનો નહિં વેચાયેલો માલ મેબલે રાખી લીધો. તા. 31મી માર્ચ, 2020ના રોજ હિસાબોની પતાવટ કરવામાં આવી. **7**

રાશ ખાતું, સંયુક્ત બેન્ક ખાતું અને ભાગીદારોના મૂડી ખાતાં તૈયાર કરો.

**(b)** રાશના ધંધામાં નીચેના હવાલાની આમનોંધ આપો. **7**

1.રાશના ધંધામાં માલસામાનની રોકડેથી ખરીદી થાય ત્યારે.

2.રાશના ધંધામાં માલસામાનની ખરીદી શાખ પર થાય ત્યારે.

3.રાશના ધંધા માટે ખર્ચ ચૂકવવામાં આવે ત્યારે.

4.રાશના ધંધામાં શાખ પર વેચાણ થાય ત્યારે.

5.રાશના ધંધામાં ઉધાર વેચાણમાં ઘાલખાધ પડે ત્યારે

6.રાશના ધંધામાં આખરસ્ટૉક ભાગીદારો લઈ જતા હોઈ ત્યારે.

7.રાશના ધંધામાં નફો કે નુકસાન અંગે નોંધ.

8. રાશના ધંધામાં રોકડેથી વેચાણ થાય ત્યારે.

9. રાશના ધંધામાં અંગત ધંધામાંથી માલ પૂરો પાડવામાં આવે ત્યારે.

10. ભાગીદારે કરેલ કુલ વેચાણ પર કમિશન ચૂકવવામાં આવે ત્યારે.

**Q-7** **Attempt all questions** **(14)**

**(a)** સેમી અને બન્ની જમીનના ધંધામાં સંયુક્ત સાહસમાં જોડાય તેઓ 3:2ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચી લેવા સંમત થયા, તેઓએ અનુક્રમે રૂ.1,20,000 અને 1,80,000 બેંકમાં જમા કરાવ્યા. **14**

તેમોએ 3000 ચો મીટર જમીનનો એક પ્લોટ,ચો.મીટરના રૂ.900ના ભાવે ખરીદ્યા. તેઓએ નીચે મુજબના ખર્ચા સંયુકત બેંક ખાતામાંથી ચૂકવ્યા હતા. 1.રજિસ્ટ્રેશન ચાર્જ – 1,20,000 2. સ્ટેમપ ડ્યુટી – 72,000 3. કાનૂની સલાહકારની ફી – 12,000 પરચૂરણ ખર્ચા – 37,500

જમીનના પ્લોટ વેચવા તેઓએ એક પ્લાન બનાવ્યો. આ પ્લાન મુજબ કુલ જગ્યાનો 20% ભાગ જાહેર રસ્તાઓ માટે અને 10%ભાગ જાહેર બગીચા માટે ફાજલ રાખવામાં આવ્યો. અને બાકીની જમીનના એકસરખા ભાગના 15 પાડવામાં અવ્યા. સેમીએ ચોરસ મીટરના રૂ.1650 ભાવે 10 પ્લોટ,બાકીના પ્લોટ બન્નીએ રૂ.1800ના ભાવે વેચી દીધા. બંને ભાગીદાર વેચાણ પર 5% કમિશન મેળવવા હક્કદાર છે. **તૈયાર કરો : 1. રાશ ખાતું 2. મૂડી ખાતાં 3. સંયુક્ત બેંક ખાતું**

**Q-8** **Attempt all questions** **(14)**

**(a)** અગસ્તય, રીઓ અને મેડી અનુક્રમે 2:1:1ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. તા. 1-1-2016ના રોજ તેમણે રૂ. 1,50,000ની સંયુક્ત જીવન વીમા પોલિસી લીધી. તેનું વાર્ષિક પ્રીમિયમ રૂ. 15,000 છે. પેઢીના ચોપડે પોલિસી ખાતું શરણ મૂલ્ય કિંમતે દર્શાવવામાં આવે છે. પેઢીનું હિસાબી વર્ષ તા. 31મી ડિસેમ્બરના રોજ પૂરું થાય છે. જુદા જુદા વર્ષનું શરણ મૂલ્ય નીચે મુજબ હતું.: **7**

| **વર્ષ :** | 2016 | 2017 | 2018 | 2019 |
|---|---|---|---|---|
| **શરણમૂલ્યની રકમ :** | શૂન્ય | 3,000 | 9,000 | 18,000 |

તા. 10-2-2020ના રોજ મેડી અવસાન પામ્યો તેથી તા. 10-2-2020ના રોજ વીમા કંપની તરફથી બોનસ સહિત રૂ. 1,75,000 ચૂકવવામાં આવ્યા. **પેઢીના ચોપડે તૈયાર કરો:**

1. સંયુક્ત જીવન વીમા પોલિસી ખાતું 2. સંયુક્ત જીવન વીમા પોલિસી અનામત ખાતું

**(b)** કલકત્તાના બાબુલાલે, વઢવાણના પોપટલાલને તા. 1-4-2019ના રોજ 20 મોબાઈલ 5000રૂ. ની પડતર કિંમતે આડતથી વેચવા મોકલ્યા. માલ મોકલતાં નૂર અને વીમાના રૂ. 1000 ચૂકવ્યા હતા. **7**

ધનશ્યામ 5% લેખે સામાન્ય આડત અને 2% લેખે આસામી આડત મેળવવા હક્કદાર છે.

તા.31-3-2020ના રોજ ધનશ્યામે વેચાણ આંકડો અને તેમની પાસેથી લેણી રકમનો બેંક ડ્રાફ્ટ મોકલી આપ્યો.

: - (1) તેણે જકાતના રૂ. 400, વચ્ચગાળાના વીમા પ્રીમીયમના રૂ. 600 અને જાહેરાતના રૂ. 1500 ચૂકવ્યા હતા. (2) 10 મોબાઈલ દરેક રૂ. 5500ની કિંમતે રોકડેથી વેચ્યા હતા.

(3) 5 મોબાઈલ દરેક રૂ. 6000ની કિંમતે ઉધાર વેચ્યા હતા.

(5) રસ્તામાં 1 મોબાઈલ સંપૂર્ણ નાશ પામ્યો અને વીમા કંપનીએ 3750નો દાવો સ્વીકાર્યો હતો.

ઉપરની વિગતો પરથી આડતમાલ ખાતું અને આડતિયાનું ખાતું બનાવો.